GJGS020024372024

---

**વેરાવળના મે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વેરાવળ**

---

**ફોજદારી કેસ નં. ૧૬૧૯/૨૦૨૪**
**આંક:–**

ફરિયાદી :– શ્રી સરકાર

**–:: વિરૂધ્ધ ::–**

આરોપી :– (૩) ઉકાભાઇ અરજણભાઇ વાઢેર, ઉ. વ. ૪૦, ધંધો : મજુરી
(૪) દાનાભાઇ લાખાભાઇ સોલંકી, ઉ. વ. ૨૭, ધંધો : મજુરી
(૫) નાથાભાઇ લાખાભાઇ સોલંકી, ઉ. વ. ૪૫, ધંધો : મજુરી
રહે. ત્રણેય : બીજ, તા. વેરાવળ, જી. ગીર–સોમનાથ.

**ગુન્હો:– જુગાર ધારા કલમ–૧૨ મુજબ**

**–: કબુલાત ઠરાવ :–**

(૧) ફરિયાદ પક્ષે સબંધિત પોલીસ સ્ટેશનથી તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા કલમ–૧૨ મુજબના ગુનામાં કોર્ટ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીઓને પોલીસ પેપર્સની નકલો પુરી પાડતાં આરોપીઓએ સ્વેચ્છાએ ગુના કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીઓની ગુના કબુલાત નોંધી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલાનું જાહેર કરેલ છે.

(૩) આરોપીઓ સ્વૈચ્છીક ગુનો કબુલ કરતા હોય, આરોપીઓની કબુલાત ધ્યાને લઈ આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આરોપીઓ કાયદાની

આંટીઘુટીનો લાભ મેળવવા પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છીક ગુનો કબુલ કરે છે. તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ડિવીઝન બેંચે ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ ગુજરાત સરકાર વિ .નટવરલાલ હરચંદજી ઠાકોરના ચુકાદામાં ઠરાવેલ છે કે જો આરોપીઓનો પ્રથમ ગુનો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટે કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતાં પણ ઓછી સજા ફરમાવી શકે છે. જે નામદાર હાઈકોર્ટ ના ચુકાદાના સિદ્ધાંત આ કામે યોગ્ય પણે લાગુ પડતા હોવાનું અત્રેની કોર્ટનું માનવું છે આરોપીઓને સજા કરવામાં આવે તો આરોપીઓ રીઢા ગુનેગારના સંસર્ગમાં આવે અને ગુનાખોરીના માર્ગે ચડે તેવી શકયતાને ધ્યાને લેતાં ઉપરોકત હકીકતને ધ્યાન લઈ આરોપીઓને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહીં કરતાં, આરોપીઓની ગુના કબુલાત સ્વીકારી આરોપીઓની આર્થિક પરિસ્થિતિ, સંજોગો તથા દયાની માંગણીને ધ્યાને લઈ આરોપીઓને આ ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

(૧) ક્રિ. પ્રો. કોડની કલમ-૨૫૨ અન્વયે આરોપી નં. ૩, ૪ તથા ૫ ને જુગાર ધારાની કલમ-૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી પ્રત્યેક આરોપીને રૂા. ૨૦૦/- (રૂપિયા બસો પુરા) ના દંડની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત ગુનામાં દંડ ન ભરે તો દિન-૨(બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપી નં. ૩, ૪ તથા ૫ પાસેથી કબજે કરવામાં આવેલ મુદ્દામાલ રોકડ રકમ તેઓ કલેઇમ કરતા ન હોય શ્રી સરકાર ખાતે જમા કરવી.

હુકમ આજ તા. ૨૧મી, માહે-નવેમ્બર, સને-૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ : વેરાવળ.
તારીખ : ૨૧/૧૧/૨૦૨૫

(અંજુ વિજયસિંહ ચૌધરી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
વેરાવળ.
(કોડ નં. જી.જે.૦૧૨૫૦)